2.

# Research Guru

*Online Journal of Multidisciplinary Subjects* (ISSN : 2349-266X)

Home | Editorial Board | Instructions for Authors | Privacy Policy | Contact Us | ISSN Certificate | Copyright Form

BLOG ARCHIVE

December 2014 (1)

BLOG STATS

8992

THURSDAY

Volume - 4 (December, 2014)


1. Bharatna Svatantray Sangramma Mrudulaben Sarabhainu Pradan (Page:01 to 05)
By Dr.Daxa.P.Patel PDF

2. Sardar Patel Prerit Mahila Netrutva (Page:06 to 15) By Dr.M.M.Jagani PDF

3. Bharatma Binsampradayik Vicharono Udbhav Ane Ekta Sthapvana Prayatno (Page:16 to 24)
By Prof.M.R.Adiol PDF

4. Palanpur Rajyama Padela Dushkalo (Page:25 to 27) ByDr.D.M.Patel PDF

5. Valmiki Ramayanma Rashtriyabhavna (Page:28 to 35)
By Dr.Surekha Patel PDF

6. Angadno Pag:shixaknu Atmashodhan (Page:36 to 40) By Dr.D.M.Gamit PDF

7. Sardar Patel Prerit Mahila Shashaktikaran (Page:41 to 44)
By Prof.R.J.Patel PDF

8. Maniben Patel nu Samajik Kshetre Pradan (Page:45 to 49)
By Dr.DharmeshPandya PDF

9. Rugvedic Brahmmano me Darshnikta (Page:50 to62) By Dr.D.U.Patel PDF

10.Sadhanane Sadhyarupa Bhaktiyog:Mahabharatane Bhagwatna Sandharbhma(Page:63 to 72)By Dr.H.L.Solanki PDF

11. Using ICT in Teacher Education (Page:73 to 81) By Dr.H.G.Nandoliya PDF

12. Developing the Strategies or Techniques for Teaching Fiction(Novel) (Page:82 to 86)
By Prof.T.S.Brahmbhatt PDF

13. Shrimad Budhdhisagar Surishwarnu Pradan: Ek Aitihasik Adhayayan (Page:87 to 93) By Mr.R.S.Patel PDF

ડૉ.સુરેખા પટેલ
એસો.પ્રોફેસર (સંસ્કૃત વિભાગ)
(જી.ડી. મોદી આર્ટસ કોલેજ, પાલનપુર)
૧, વિનાયક પાર્ક સોસાયટી,
જામપુરા રોડ, પાલનપુર
મો.૯૪૨૮૦૨૩૦૭૧
ફોન : ૦૨૭૪૨ – ૨૫૯૩૩૧

## વાલ્મીકિ રામાયણમાં રાષ્ટ્રીયભાવના

રાષ્ટ્ર શબ્દ '*राजृ-दीप्तौ* ' ધાતુથી બનેલો છે.[1] તે અનુસાર રાષ્ટ્ર શબ્દનો અર્થ થાય છે 'સમ્પ્રભુતા સંપન્નદેશ' સરળ શબ્દોમાં કહીએ તો પોતાના રાષ્ટ્રની રક્ષા અને પ્રગતિનાં કાર્યો માટે પારસ્પરિક મતભેદ ભુલી જઈ એક થઈને રહેવાની હાર્દિક અને ક્રિયાત્મક ભાવના જ રાષ્ટ્રીય ભાવના છે. રાષ્ટ્રીયતાની આ ભાવનાનાં દર્શન આપણને વેદો ના સમયથી દષ્ટિગત થાય છે. 'હું પૃથ્વીમાતાનો પુત્ર છું.' [2] યજુર્વેદમાં પ્રાપ્ત થતી સમગ્ર રાષ્ટ્રના ઉત્થાનની કામના પણ એક ઉદાત્ત રાષ્ટ્રીય ભાવનાનો જ પરિચય આપે છે.[3] વાલ્મીકિ રામાયણના મુખ્ય પાત્ર મર્યાદા પુરુષોત્તમ રામની દષ્ટિએ સુસમ્પન્ન વિદેશની તુલનામાં જન્મભૂમિ ગમે તેટલી દીન-હીન હોય પરંતુ, શ્રેષ્ઠ છે.[4] કવિકુલગુરુ કાલિદાસને તો આચાર્ય બલદેવ ઉપાધ્યાયે સમગ્ર ભારતના ઉપાસક કહી દીધા છે.[5]

સંસ્કૃત સાહિત્યમાં મહર્ષિ વાલ્મીકિનું વિશિષ્ટ સ્થાન છે. મહર્ષિ વાલ્મીકિ રચિત રામાયણથી પ્રત્યેક મનીષી સુપરિચિત છે. ચોવીસ હજાર શ્લોકવાળા આ વિશાળકાય ઉપજીવ્ય કાવ્યની મુખ્ય ઘટના છે. 'યુધ્ધમાં રામનો રાવણ ઉપર વિજય.' આ ઉપરાંત પણ મહર્ષિ પોતાના ચરિત નાયક શ્રીરામનું સમગ્ર જીવનચરિત્રનું અતિભવ્ય અને મર્મસ્પર્શી વર્ણન કર્યું છે, જેનો સ્વાધ્યાય કરતી સમયે વાચક આત્મવિભોર થઈ જાય છે.

આપણા આદિકવિ વાલ્મીકિની સંવેદના રાષ્ટ્રની સમૃધ્ધિ પ્રત્યે પર્યાપ્ત પ્રમાણમાં જાગૃત છે. પ્રજાનાં યોગક્ષેમનાં લેખાં-જોખાં પ્રસ્તુત કરવામાં કવિની લેખની ખૂબજ નિપુણ રહી છે.

રાજા દશરથ અને રાજા શ્રીરામના રાજ્યકાળમાં પ્રજાજનોની સ્થિતિના વર્ણનના માધ્યમથી તેઓએ પોતાનો મનોભાવ પ્રગટ કરી દીધો છે કે રાષ્ટ્રની પ્રજા તન-મન અને ધનથી સમૃધ્ધ હોવી જોઈએ. તે રાષ્ટ્રમાં બધાજ ધર્માત્મા હોય, સત્યવાદી હોય, પોતાની સંપત્તિથી સંતુષ્ટ રહેનારા હોય.